# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૩ તા.૨૧-૦૯-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- મ્યુનિ. શાળામાં પ્રાર્થના કાર્યક્રમમાં નિયમિતપણે સ્વચ્છતા પ્રતિજ્ઞા લેવડાવવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને જણાવવાનું કે, સ્વચ્છ ભારત મિશન ૨.૦ અંતર્ગત આપણું શહેર સ્વચ્છ શહેર બને તે માટે અત્રેની કચેરી દ્વારા પરિપત્ર નં. ૬૨(એ) તા. ૧૫-૦૯-૨૦૨૩ મુજબ તારીખ ૧૫ મી સપ્ટેમ્બર ૨૦૨૩ થી ૨ જી ઓકટોબર ૨૦૨૩ દરમ્યાન શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા જનજાગૃતિના કાર્યક્રમો કરવા માટે જણાવેલ હતું.

હાલમાં માન. વડાપ્રધાનશ્રીના હસ્તે શરૂ કરવામાં આવેલ સ્વચ્છ ભારત મિશનનો સ્વચ્છ ભારત મિશન ૨.૦ મુજબનો બીજો તબક્કો ચાલી રહેલ છે. એક સ્વચ્છ અને વિકસિત દેશની કલ્પના પૂજ્ય મહાત્મા ગાંધીજીએ કરેલ હતી તેને સાકાર કરવા માટે દેશ લેવલે વિવિધ જનજાગૃતિ અભિયાનો ચાલી રહ્યા છે. દેશના મોટા મોટા શહેરો સ્વચ્છ બનવા લાગ્યા છે, આપણા શહેરમાં પણ રોજ સવારે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ડોર ટુ ડોર શેરી મહોલ્લા અને સોસાયટીમાંથી ભીનો કચરો અને સુકો કચરો એકત્રિત કરવા માટે પુરી પાડવામાં આવતી સેવાઓ સરાહનીય છે જેના લીધે હવે આપણું શહેર અમદાવાદ પણ સ્વચ્છ અને હરિયાળુ જોવા મળી રહ્યુ છે તેને સૌ સુજ્ઞ નાગરિકો સાથે મળીને સૌ સહકાર આપીએ. આપણી શેરી, સ્લમ, મહોલ્લા, સોસાયટી, વોર્ડ, ઝોન અને આપણું શહેર પ્રતિદિન સ્વચ્છ બની રહે અને ટકી રહે તે માટે પ્રાથમિક કક્ષાએથી જ સ્વચ્છતાનો ગુણ બાળકોમાં કેળવાય અને આપણા બાળકો સ્વચ્છતાના દૂત એટલે કે સ્વચ્છતાના **'બ્રાન્ડ એમ્બેસેડર'** બની સ્વચ્છતાનો સંદેશ ઘર- ઘર સુધી પહોંચાડે તેવી પ્રેરણા આપણી શાળામાં ભણતા બાળકોને આપીએ. સ્વચ્છતા એક હેબીટ એટલે કે સુટેવ બને તેવા આપણે સૌ સારસ્વત મિત્રો પ્રેરક અને ઉપદેશક બનીએ તે માટે દરરોજ પ્રાર્થના કાર્યક્રમમાં નીચે દર્શાવેલ **પ્રતિજ્ઞા** તમામ બાળકોને લેવડાવવા જણાવવામાં આવે છે.

**:: <u>પ્રતિજ્ઞા</u> ::**

મહાત્મા ગાંધીએ આપણને દેશ માટે જીવતા શીખવ્યું. મહાત્મા ગાંધીએ ગુલામીની સાંકળો તોડીને ભારત માતાને આઝાદ કર્યા.

આવો આપણે સંકલ્પ કરીએ,

ગંદકી દૂર કરીએ, એજ ભારત મૉની સૌથી મોટી સેવા છે.

હું પ્રતિજ્ઞા લઉ છું કે,

- હું પોતે સ્વચ્છતા માટે પ્રતિ વર્ષે ૧૦૦ (સો) કલાક એટલે કે દર અઠવાડીએ ૨(બે) કલાક શ્રમદાન કરી સ્વચ્છતાનાં સંકલ્પને ચરિતાર્થ કરીશ.
- ગંદકી કરીશ નહી કે કરવા દઈશ નહીં.
- હું સૌ પ્રથમ સ્વયં, મારા પરિવારથી, મારા મહોલ્લાથી, મારા કાર્યસ્થળથી સ્વચ્છતાની શરૂઆત કરીશ.
- આપણે સૌ જાણીએ છીએ કે, દુનિયાનાં તે જ દેશ સ્વચ્છ છે, જેમના નાગરિકો ગંદકી નથી કરતા.
- અમે ગામે ગામ, ગલીએ ગલી સ્વચ્છતા અભિયાનનો પ્રચાર કરતાં રહીશું.
- હું આજે જે શપથ લઈ રહ્યો છું / લઈ રહી છું, એ શપથ અન્ય ૧૦૦ વ્યકિતઓને પણ લેવડાવીશ, જે દર વર્ષે ૧૦૦ કલાક સ્વચ્છતાનાં કામમાં આપશે.
- ગાંધીજીના સ્વપ્નોનું ભારત માત્ર આઝાદ ભારત નહીં, સ્વચ્છ, ચોખ્ખુ ભારત છે. એના માટે હું પ્રતિબધ્ધ રહીશ.

તા. ૨૧-૦૯-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી